જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કોરોના વાયરસ (COVID-19)ના સંક્રમણને કારણે મૃત્યુ પામેલ આંગણવાડી કાર્યકરના આશ્રિતને રૂ.૨૫ લાખની સહાય મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
હુકમ ક્રમાંક:આઇસીડી/૧૦૨૦૨૦/૧૭૧૭૫૭/બ૧
સચિવાલય, ગાંધીનગર
તા.૨૮/૧૨/૨૦૨૦

વંચાણે લીધા:-

(૧) સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૦૮.૦૪.૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૨૦/૨૫૦/ક.

(૨) મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૨૨.૦૫.૨૦૨૦નો ઠરાવ ક્રમાંક:સીએમએફ/ ૧૦૨૦૨૦/૮૫/સી.એમ.ફંડ.

(3) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીની તા.૧૫/૧૦/૨૦૨૦ની સિંગલ ફાઇલથી કરેલ દરખાસ્ત.

## //હુકમ//

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવથી રાજ્યમાં નોવેલ કોરોના વાયરસ (Covid-19)ના સંક્રમણને કારણે ઉત્પન્ન થયેલ સંજોગોમાં આવશ્યક સેવાઓના ભાગરૂપે બજાવેલ ફરજો દરમ્યાન સંક્રમિત થયેલ કર્મચારી/અધિકારીના દુ:ખદ અવસાનના કિસ્સામાં તેઓના આશ્રિત કુટુંબને રૂ.૨૫/-લાખની સહાય આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક:(3)થી કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ગાંધીનગરની કચેરી દ્વારા તા.૧૫/૧૦/૨૦૨૦ની સિંગલ ફાઇલથી કોરોના વાયરસની મહામારી દરમિયાન જામનગર મહાનગરપાલિકામાં આંગણવાડી કાર્યકર તરીકે આવશ્યક સેવાઓના ભાગરૂપે ફરજ બજાવતા સ્વ.શ્રી મીનાક્ષીબેન મનોજભાઇ જાદવનું તા.૧૧/૦૯/૨૦૨૦ના રોજ દુ:ખદ અવસાન થતા તેઓના આશ્રિત કુટુંબને રૂ.૨૫ લાખની સહાય ચુકવવા આ વિભાગને દરખાસ્ત કરેલ છે.

કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીની તા.૧૫/૧૦/૨૦૨૦ની સિંગલ ફાઇલથી કરેલ દરખાસ્ત અન્વયે સ્વ. શ્રી મીનાક્ષીબેન મનોજભાઇ જાદવના આશ્રિત/વારસદારને રૂ.૨૫ લાખ (રૂપિયા પચ્ચીસ લાખ પુરા)ની સહાય ચુકવવા આથી અનુમતિ આપવામાં આવે છે.

વંચાણે લીધેલ ક્રમાંક:(૨) પરના મહેસુલ વિભાગના ઠરાવની સુચનાઓ મુજબ મૃત્યુ પામેલા આંગણવાડી કાર્યકર સ્વ. શ્રી મીનાક્ષીબેન મનોજભાઇ જાદવના આશ્રિત/વારસદારનું નામ/સંબંધ વિગેરે વિગતો નીચે મુજબ છે:

| અ. નં | અવસાન પામેલ આંગણવાડી કાર્યકરનું નામ | હોદ્દો અને આંગણવાડી કેન્દ્રનું નામ | અવસાન પામનારનું સરનામું | અવસાન પામનારના આશ્રિત/વારસદારનું નામ/સંબંધ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | સ્વ. શ્રી મીનાક્ષીબેન મનોજભાઇ જાદવ | આંગણવાડી કાર્યકર, દલિતનગર | દલિતનગર, હનુમાન ટેકરી, જામનગર-૩૬૧૦૦૬. | જાદવ મનોજભાઇ રાજાભાઇ સંબંધ:પતિ મો.૭૬૦૦૭૪૯૪૩૯ |

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૭/૧૨/૨૦૨૦ના રોજ મળેલ અનુમતિ અન્વયે કરવામાં આવેલ છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ચૈતન્ય નિમાવત)
નાયબ સચિવ
મહિલા અને બાળવિકાસ વિભાગ

પ્રતિ,

1. માન.મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, માન. નાયબ મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
3. માન. મંત્રીશ્રી (મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
4. માન.રા.ક.મંત્રીશ્રી (મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
5. અધિક મુખ્ય સચિવશ્રી(ના.વિ.)ના અંગત સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

6. સચિવશ્રી (આ.બા.) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
7. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
8. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
9. સેકશન અધિકારીશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું રાહત ફંડ, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (બે નકલ)
10. સ્વ. મીનાક્ષીબેન એમ. જાદવના આશ્રિત કુટુંબને જાણ અર્થે પ્રોગ્રામ અધિકારીશ્રી (અર્બન), મ્યુનિસિપલ કોર્પોરેશન, જામનગર મારફતે.
11. સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર- વેબસાઇટ પર મુકવા સારુ.
12. શાખા સિલેક્ટફાઇલ